# ડેડપુલ અને વુલ્વરીનની શાનદાર કેમેસ્ટ્રી દર્શકોને ભરપૂર મનોરંજન પૂરું પાડે છે

**મૂવી રિવ્યુ**

કે. અમર (ડેની) દ્વારા

ફિલ્મ: ડેડપુલ એન્ડ વુલ્વરીન

રેટીંગ: ★★★☆☆

એક લાઈનનો પ્રતિભાવ: ડેડપુલ અને વોલ્વરાઈનની કેમેસ્ટ્રી અને દમદાર એક્શન માટે ફિલ્મ જોઈ શકાય

**અભિનેતાઃ** રયાન રેનોલ્ડ્સ, હ્યુ જૈકમેન, એમ્મા કોરિન, મૈથ્યુ મૈકફૈડેન **નિર્માતાઃ** માર્વલ સ્ટુડિયો,મેક્સિમમ એફર્ટ **નિર્દેશનઃ** શોન લેવી

ડેડપૂલ એન્ડ વોલ્વરાઈન એ ડેડપૂલ (2016) અને ડેડપૂલ 2 (2018) ની સિક્વલ છે.

વેડ વિલ્સનની એવેન્જર્સમાં જોડાવાની વિનંતીને ઠુકરાવી દીધાના છ વર્ષ પછી, તે ડેડપૂલ તરીકે ઓળખાતા માસ્ક્ડ લડવૈયા તરીકે નિવૃત્ત થયો છે. ટાઇમ વેરિઅન્સ ઓથોરિટી (ટીવીએ) વેડને પકડી લે છે અને તેને મિસ્ટર પેરાડોક્સ (મેથ્યુ મેકફેડિયન) પાસે પહોંચાડે છે જે તેને અર્થ-616માં જોડાવાની ઓફર કરે છે. પેરાડોક્સ એ પણ જણાવે છે કે જેમ્સ 'લોગન' હોવલેટના મૃત્યુને કારણે વેડની સમયરેખા બગડી રહી છે, જે સમયરેખાનો સંચાલક હોવાનું બહાર આવ્યું છે. વેડ પાછા ફરવા માટે પેરાડોક્સના ટેમપેડની ચોરી કરે છે જ્યાં તેણે વોલ્વરાઈનના મક્કમ હાડપિંજરનો ઉપયોગ કરીને ઘણા ટીવીએ એજન્ટોની હત્યા કરી હતી. તે પછી તે મલ્ટિવર્સની મુસાફરી કરે છે અને તેની સમયરેખા બચાવવા માટે લોગાનનો એક વેરિયન્ટ શોધી કાઢે છે. શું ડેડપુલ અને વોલ્વરાઈનની જોડી પોત પોતાની દુનિયા બચાવી શકશે તે જાણવા તમારે સિનેમા હોલમાં જવું પડશે.

ડેડપૂલ અને વોલ્વરાઈન એક હિટ ફિલ્મ છે કારણ કે તે ઉત્તમ રીતે મનોરંજન કરે છે. આ ઉપરાંત, બ્રાન્ડ વેલ્યુ પણ શરૂઆતના બિઝનેસમાં ફાળો આપશે.

# સુરત, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલીમાં અતિ ભારે વરસાદનું રેડએલર્ટ

**શુક્રવારે** વરસાદનું જોર ઘટતા 75 તાલુકાઓમાં હળવો વરસાદ પરંતુ આગામી 24 કલાક રાજ્ય માટે ભારી

ગાંધીનગરઃ ગુજરાત પરથી પસાર થઈ રહેલી લો પ્રેશર સિસ્ટમની અસર હળવી થઈ જતાં આજે દિવસ દરમ્યાન રાજ્યમાં વરરસાદનું જોર ઘટયું છે. જેના પગલે આજે દિવસ દરમ્યાન 75 તાલુકાઓમાં હળવો વરસાદ થયો હતો.

હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના કહેવા મુજબ , રાજ્યમાં આગામી 24 કલાકની અંદર સુરત, નવસારી, વલસાડ , દમણ, દાદરા નગર હવેલી સહિતના જિલ્લાઓમાં ભારેથી અતિ ભારે વરસાદનું રેડ એલર્ટ જારી કરાયું છે. જ્યારે પંચમહાલ, દાહોદ, વડોદરા , છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, ડાંગ , તાપી , અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથમાં ભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ જારી કરાયું છે. આ ઉપરાંત રાજ્યમાં આગામી તા.31મી જુલાઈ સુધી ભારે વરસાદની ચોતવણી ઈશ્યુ કરી દેવાઈ છે.

## પૂરગ્રસ્ત જિલ્લાઓમાં 14 હજારનું સ્થળાંતર, 1617ને બચાવી લેવાયા

બીજી તરફ ભારે વરસાદના પગલે વિવિધ જિલ્લાઓમાં રાજ્યમાં આજે તથા ગઈકાલ સાથે એટલે કે છેલ્લા 48 કલાકમાં 14552 સ્થાનિક લોકોનું સ્થળાંતર કરાયું હતું. જ્યારે 1617 લોકોને બચાવ ઓપરેશનમાં બચાવી લેવાયા છે.

## શનિ- રવિએ મધ્ય- ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદ

અમરેલીના લીલિયા મોટાના વતની અને ખગોળીય ઘટનાઓના અભ્યાસુ જયપ્રકાશ માઢકે જણાવ્યું હતું કે બંગાળની ખાડીથી વાયા મધ્ય પ્રદેશ થઈને જે એક લો પ્રેશરની પ્રણાલી મધ્ય ગુજરાતની દિશામાં આગળ વધી રહી છે તેને લીધે તા.28 તથા 29 જૂલાઈ ના રોજ એટલે કે શનિ રવિમાં ફરી એક વખત ઉત્તર ગુજરાત તથા મધ્ય ગુજરાતમાં વરસાદનું જોર વધવાની અને મહદ્ અંશે શનિવારે તથા રવિવારે પણ અમદાવાદ, વડોદરા તથા દાહોદ, ગોધરા, છોટાઉદેપુર તથા સૌરાષ્ટ્રમાં ઉના, ભાવનગર, જૂનાગઢ તથા ભાવનગર જેવા સ્થળોએ સારો એવો વરસાદ પડવાની સંભાવના છે.

આજે રાજ્યમાં સૌથી વધુ વરસાદ 55મી એટલે કે 2.2 ઈંચ જેટલો વરસાદ થયો છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના સત્તાવાર સૂત્રોએ કહયું હતું કે આજે તા.26મી જુલાઈના રોજ સવારના 6 વાગ્યાથી સાંજના 6 વાગ્યા સુધીમાં રાજ્યમાં સરેરાશ 75 તાલુકાઓમાં વરસાદ થયો હતો. જેમાં પંચમહાલના શહેરામાં 18 મીમી , અમદાવાદના ધંધુકામાં 16 મીમી , મહીસાગરના લુણાવાડામાં 16 મીમી ,નડિયાદમાં 13 મીમી ખેડાના વસોમાં 12 મીમી , વરસાદ થયો હતો.છેલ્લા 24 કલાકમાં રાજ્યમાં 111 તાલુકાઓમાં સરેરાશ વરસાદ થયો હતો. જ્યારે સમગ્ર ગુજરાતમાં ચોમાસાની મોસમનો સરેરાશ 54.46 ટકા વરસાદ થયો હતો. જેમાં કચ્છમાં 75.67 ટકા , ઉત્તર ગુજરાતમાં 29.55 ટકા , મધ્ય - પૂર્વ ગુજરાતમાં 33.29 ટકા , સૌરાષ્ટ્રમાં 73.57 ટકા , દક્ષિણ ગુજરાતમાં 66.05 ટકા વરસાદ થયો છે.

# ભારતના ૧૨૦ રમતવીરો પેરિસ ઓલિમ્પિકમાં કેટલા મેડલ જીતી લાવશે?

ભારતમાં જેટલું મહત્ત્વ ક્રિકેટને આપવામાં આવે છે, તેટલું મહત્ત્વ અન્ય રમતોને આપવામાં આવતું નથી. આ કારણે ૧૪૦ કરોડની વસ્તી ધરાવતો ભારત દેશ ઓલિમ્પિકમાં મેડલ જીતવાની બાબતમાં કેટલાક નાનકડા દેશો કરતાં પણ પાછળ રહી જાય છે. તા. ૨૬ જુલાઈથી ૧૧ ઓગસ્ટ સુધી ફ્રાન્સની રાજધાની પેરિસ ઉપરાંત ફ્રાન્સનાં અન્ય ૧૬ શહેરોમાં પણ ઓલિમ્પિક ગેમ્સનું આયોજન કરવામાં આવી રહ્યું છે.આ ગેમ્સમાં ભાગ લેનારાં ખેલાડીઓની કુલ સંખ્યા ૧૦,૫૦૦ નક્કી કરવામાં આવી છે, જેમાં ૩૨ રમતોની ૩૨૯ ઈવેન્ટ્સનું આયોજન કરવામાં આવનાર છે.તેમાં ભારતના ૧૨૦ ખેલાડીઓ વિવિધ રમતોમાં મેડલ માટે હાથ અજમાવશે.ભારતને ભાલાફેંક, કુસ્તી, બેડમિન્ટન, શૂટિંગ, હોકી અને બોક્સિંગમાં મેડલની સૌથી વધુ આશા છે.ભારત સરકાર ઓલિમ્પિક માટે ખેલાડીઓને તૈયાર કરવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે.નવાઈની વાત છે કે આ રમતોમાં ક્રિકેટની રમતને સ્થાન જ આપવામાં આવ્યું નથી.

ભારતના નિરજ ચોપરાએ ટોક્યો ઓલિમ્પિક્સ ૨૦૨૦ માં ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો હતો. તેણે ૮૭.૫૮ મીટરના અંતરે બરછી ફેંકીને આ મેડલ જીત્યો હતો.એથ્લેટિક્સમાં ભારતનો આ પહેલો ઓલિમ્પિક મેડલ હતો. ઉપરાંત, વ્યક્તિગત ઈવેન્ટ્સમાં ભારતનો આ બીજો ગોલ્ડ મેડલ હતો. શૂટિંગમાં ભારત માટે પ્રથમ વ્યક્તિગત સુવર્ણ ચંદ્રક અભિનવ બિન્દ્રાએ ૨૦૦૮ બેઇજિંગ ઓલિમ્પિકમાં જીત્યો હતો.આ વખતે પણ ભારતની નજર નિરજ ચોપરા પર રહેશે. તેના સિવાય કિશોરીઓ જેના અને અન્નુ રાની પણ ભાલાફેંકમાં ભાગ લેશે. પુરુષોની ભાલા ફેંકનો ક્વોલિફાઈંગ રાઉન્ડ ૬ ઓગસ્ટે રમાશે.મહિલાઓના ભાલાફેંકનો ક્વોલિફાઈંગ રાઉન્ડ ૭ ઓગસ્ટે રમાશે, જેમાં અન્નુ રાની ભાગ લેશે.જ્યારે પુરુષોની બરછી ફેંક સ્પર્ધાની ફાઈનલ ૮ ઓગસ્ટે જ્યારે મહિલાઓની બરછી ફેંક સ્પર્ધા ૧૦ ઓગસ્ટે રમાશે.મહિલાઓમાં પ્રિયંકા ગોસ્વામી અને પુરુષોમાં અક્ષદીપ સિંહ, વિકાસ સિંહ, પરમજીત બિષ્ટ અને રામ બાબુ ૨૦ કિલોમીટર વૉકિંગ ઈવેન્ટમાં ભાગ લેશે. આ મેચો ૧લી ઓગસ્ટે રમાશે.

૪x૪૦૦ મીટર રિલે રેસમાં મહિલાઓ અને પુરુષોના ક્વોલિફાઈંગ રાઉન્ડ ૯ ઓગસ્ટના રોજ યોજાશે.મુહમ્મદ અનસ, મુહમ્મદ અજમલ, રાજીવ અરોકિયા અને અમોજ જેકબ પુરુષ ટીમમાં ભાગ લેશે જ્યારે મહિલા ટીમમાં જ્યોતિકા શ્રી દાંડી, રૂપલ સુભા વેંકટેસન અને પૂવમ્મા એમઆર ભાગ લેશે.તેની ફાઈનલ ૧૦મી ઓગસ્ટે રમાશે. મીરાંબાઈ ચાનુ ૪૯ કિ.ગ્રા. વજન વર્ગમાં વેઈટલિફ્ટિંગમાં ભારત માટે મેડલની આશા હશે.તેણે ટોક્યો ઓલિમ્પિક્સમાં કુલ ૨૦૧ કિલો વજન ઉપાડીને સિલ્વર મેડલ જીત્યો હતો. આ મેચ ૭મી ઓગસ્ટે રમાશે.

ભારતની સ્ટાર ખેલાડી પીવી સિંધુ બેડમિન્ટનમાં મહિલા સિંગલ્સ કેટેગરીમાં ભારત માટે મેડલની મોટી આશા હશે. સિંધુએ ૨૦૧૬ રિયો ઓલિમ્પિક્સમાં સિલ્વર મેડલ અને ૨૦૨૦ ટોક્યો ઓલિમ્પિક્સમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.મેન્સ સિંગલ્સમાં ભારત તરફથી એસ.એસ. પ્રણય અને લક્ષ્ય સેન મેદાનમાં ઉતરશે.કુસ્તીમાં ભારતની મહિલા વર્ગમાંથી અરિહંત પંઘાલ (૫૩ કિ.ગ્રા.), વિનેશ ફોગાટ (૫૦ કિ.ગ્રા.), અંશુ મલિક (૫૭ કિ.ગ્રા.), રિતિકા હૂડા (૭૬ કિ.ગ્રા.) અને નિશા દહિયા (૬૮ કિ.ગ્રા.) ભાગ લેશે. ગયા વર્ષે મહિલા કુસ્તીબાજો દ્વારા જાતીય શોષણ સામે લાંબી લડાઈ ચાલી તે પછી પહેલી વખત તેમને પોતાની તાકાતનું પ્રદર્શન કરવાની તક મળી છે. ભાજપે ચૂંટણીમાં બ્રિજભૂષણને ટિકિટ ન આપીને તેમને સજા કરી હતી. મેન્સ કેટેગરીમાં અમન સેહરાવત ભારત તરફથી ૫૭ કિ.ગ્રા. ફ્રી સ્ટાઇલ કેટેગરીમાં ભાગ લેશે. આ મેચો ૫ થી ૧૧ ઓગસ્ટ વચ્ચે રમાશે.

ટુ ધ પોઈન્ટ
સમકિત શાહ

હોકીમાં માઠા સમાચાર છે કે ભારતીય મહિલા હોકી ટીમ આ વખતે ઓલિમ્પિક માટે ક્વોલિફાય કરી શકી નથી. મેન્સ હોકી ટીમ પૂલ બીમાં છે.ભારતનો પ્રથમ મુકાબલો ૨૭ જુલાઈએ ન્યુઝીલેન્ડ સામે થશે. ભારતનો બીજો મુકાબલો ૨૯મી જુલાઈએ આર્જેન્ટિના સામે, ૩૦મી જુલાઈએ આયર્લેન્ડ સામે, ૧લી ઓગસ્ટે બેલ્જિયમ અને ૨જી ઓગસ્ટે ઓસ્ટ્રેલિયા સામે થશે. ક્વાર્ટર ફાઈનલ ૪ઓગસ્ટે, સેમિ ફાઈનલ ૬ ઓગસ્ટે અને ફાઈનલ મેચ ૮ ઓગસ્ટે રમાશે. હોકીમાં ભારતની મેન્સ ટીમ કોઈક ચંદ્રક તો લઈને આવશે, તેવી આશા રખાઈ રહી છે.

બોક્સિંગની મહિલા વર્ગમાં ભારત તરફથી નિખત ઝરીન (૫૦ કિ.ગ્રા.), પ્રીતિ પવાર (૫૪ કિ.ગ્રા.), જાસ્મીન લમ્બોરિયા (૫૭ કિ.ગ્રા.) અને લવલિના બોર્ગોન (૭૫ કિ.ગ્રા.) ભાગ લેશે.નિશાંત દેવ (૭૧ કિ.ગ્રા.) અને અમિત પંખાલ (૫૧ કિ.ગ્રા.) પુરુષ વર્ગમાં ભાગ લેશે. આ મેચો ૨૭મી જુલાઈથી રમાશે.ગોલ્ફમાં ભારતની મહિલા વર્ગમાંથી અદિતિ અશોક અને દીક્ષા ડાગર ભાગ લેશે. શુભંકર શર્મા અને ગગનજીત ભુલ્લર પુરુષ વર્ગમાં ભાગ લેશે.મેન્સ કેટેગરીની મેચો ૧ અને મહિલા કેટેગરીની મેચ ૭ ઓગસ્ટથી રમાશે.ભારતની નજર અદિતિ અશોક પર રહેશે.

ચાર વર્ષ પહેલાં ભારતે ટોક્યો ઓલિમ્પિક્સમાં તેનું અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું અને એક ગોલ્ડ સહિત સાત મેડલ જીત્યા હતા. આ વખતે ભારત મેડલની સંખ્યાને બે આંકડામાં લઈ જવા ઈચ્છે છે.જેવલિન થ્રોઅર નિરજ ચોપરા એથ્લેટિક્સમાં ગોલ્ડ જીતનાર ભારતનો પ્રથમ ખેલાડી બન્યો હતો. તે ફરી એક વાર ગોલ્ડ મેડલ જીતવાની તૈયારી કરી રહ્યો છે.અત્યાર સુધીમાં નિરજ સહિત ૧૨ પુરુષ અને સાત મહિલા ખેલાડીઓ ઓલિમ્પિક માટે ક્વોલિફાય થયા છે.નિરજ ચોપરાએ ઓલિમ્પિક્સ, વર્લ્ડ ચેમ્પિયનશિપ અને એશિયન ગેમ્સ સહિત તમામ મોટી રમતોમાં સફળતા હાંસલ કરી છે.હવે તેનું એકમાત્ર લક્ષ્ય ૯૦ મીટર થ્રોના અવરોધને પાર કરવાનું છે. તે તેની નજીક આવી ગયો છે પરંતુ હજી સુધી તેને પાર કરી શક્યો નથી. ટીનેજર જેનાએ હોંગ ઝુ એશિયન ગેમ્સમાં ૮૭.૫૪ મીટરના થ્રો સાથે સિલ્વર મેડલ જીતીને સૌને ચોંકાવી દીધા હતા. તે જોરદાર તૈયારીઓ પણ કરી રહ્યો છે અને મેડલ જીતવાનો દાવેદાર છે.

સાત્ત્વિક સાઈરાજ, રેન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની જોડી સિવાય મેન્સ સિંગલ બેડમિન્ટનમાં એચએસ પ્રણોય અને લક્ષ્ય સેન, મહિલા સિંગલ્સમાં પીવી સિંધુ અને મહિલા ડબલ્સમાં અની પોનપ્પા અને મનીષા ક્રાસ્ટો ક્વોલિફાય થયા છે.સાત્ત્વિક અને ચિરાગની જોડી હાલમાં વિશ્વની નંબર વન જોડી છે અને તેઓએ છેલ્લા દોઢ વર્ષમાં ઘણી સફળતા હાંસલ કરીને પોતાનો દબદબો સ્થાપિત કર્યો છે.આ વખતે આ જોડી મેડલ સાથે પાછી ફરશે તેવી આશા રાખી શકાય છે.બે ઓલિમ્પિક ગેમ્સ મેડલ વિજેતા પીવી સિંધુ અને લક્ષ્ય સેન અને પ્રણયની વાત છે, તો બધામાં મેડલ જીતવાની ક્ષમતા છે, જરૂર છે માત્ર આ ગેમ્સ સુધી સંપૂર્ણ ફોર્મમાં રમવાની.

વિનેશ ફોગાટ છેલ્લા કેટલાક સમયથી કુશ્તીને બદલે આંદોલન ચલાવવાના કારણે ચર્ચામાં હતી. તે ગયા મહિને જ ઓલિમ્પિક માટે ક્વોલિફાય થઈ છે.વિનેશ ઉપરાંત અત્યાર સુધી અન્ય ત્રણ મહિલા કુસ્તીબાજોએ ઓલિમ્પિકમાં ભાગ લેવાની પુષ્ટિ કરી છે. તેમાં અખિલ પંખાલ, રિતિકા હુડા અને અંશુ મલિકનો સમાવેશ થાય છે.વિનેશ ફોગાટ કોમનવેલ્થ ગેમ્સ અને એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતનારી પ્રથમ ભારતીય મહિલા કુસ્તીબાજ છે.તેણે વર્લ્ડ ચેમ્પિયનશિપમાં પણ એકથી વધુ મેડલ જીત્યા છે. હવે ઓલિમ્પિક મેડલથી તે નજીક પહોંચી ગઈ છે.ચાર ફૂટ ૧૧ ઈંચની ઊંચાઈ ધરાવતી વેઈટલિફ્ટર મીરાંબાઈ ચાનુ ભારત માટે વેઈટલિફ્ટિંગમાં ઓલિમ્પિક મેડલ જીતનારી પ્રથમ મહિલા ખેલાડી છે.મણિપુરના સામાન્ય પરિવારમાં જન્મેલી મીરાંબાઈ ચાનુએ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં બે મેડલ જીત્યા છે. કોમનવેલ્થ ગેમ્સમાં પણ તેના બે ગોલ્ડ મેડલ છે. આ વખતે તે ટોક્યો ઓલિમ્પિક્સમાં જીતેલા સિલ્વર મેડલનો રંગ બદલવાનો પ્રયાસ કરશે.

**ભારતે ટોક્યો ઓલિમ્પિક્સમાં તેનું અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું અને એક ગોલ્ડ સહિત સાત મેડલ જીત્યા હતા. આ વખતે ભારત મેડલની સંખ્યાને બે આંકડામાં લઈ જવા ઈચ્છે છે**

# 'એક પેડ માં કે નામ' અંતર્ગત યોજાનાર અર્બન ફોરેસ્ટ અભિયાનનો ગાંધીનગરથી આરંભ

**ગાંધીનગર** મહાનગરપાલિકા વિસ્તારમાં કોબા ખાતે ૪૭૦૦ ચો.મી.થી વધુ વિસ્તારમાં ૧૫૦૦ જેટલા વૃક્ષો વાવીને અર્બન ફોરેસ્ટનું નિર્માણ થશે

ગાંધીનગરઃ દેશવ્યાપી મહાઅભિયાન 'એક પેડ માં કે નામ'ને શહેરી વિસ્તારો સુધી પહોંચાડવાના ઉમદા અભિગમ અંતર્ગત તા. ૩૧મી ઓગસ્ટ સુધી સમગ્ર રાજ્યમાં અર્બન ફોરેસ્ટ ઉભા કરવાનું અભિયાન યોજાઈ રહ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અર્બન ફોરેસ્ટ અભિયાનનો આરંભ ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારના કોબા ખાતેથી વડનાં વૃક્ષ વાવીને કરાવ્યો હતો. 'એક પેડ માં કે નામ' વિશેષ મહાઅભિયાનમાં મહાનગરપાલિકા-નગરપાલિકા વિસ્તારમાં વોર્ડ દીઠ અથવા ઝોન દીઠ વિશેષ જગ્યા પર વૃક્ષારોપણ કરવામાં આવનાર છે. વૃક્ષારોપણ થયેલ રોપાઓના જતન માટે આ જગ્યાને ફરતે સુરક્ષા માટે ફેન્સીંગ/દીવાલ પણ બનાવવામાં આવશે. ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં કોબાથી અર્બન ફોરેસ્ટ અભિયાનનો આરંભ મુખ્યમંત્રીએ કરાવ્યો હતો અને ઉપસ્થિત સર્વે મહાનુભાવોના હસ્તે એક-એક વૃક્ષ રોપવામાં આવ્યું હતું. કોબા ખાતે ૪૭૦૦થી વધુ ચોરસ મીટરના પ્લોટમાં અર્બન ફોરેસ્ટનું નિર્માણ થશે. જેમાં લીમડો, આંબો, આંબલી, બોરસલી, આમળા જેવા કુલ મળીને ૧૫૦૦ જેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવશે.

# આજથી બે દિવસ દાહોદ- મહિસાગર જિલ્લામાં કોંગ્રેસની સંકલ્પ શિબિર યોજાશે

અમદાવાદઃ આગામી સમયમાં આવી રહેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ તેમજ પ્રદેશ સંગઠનને મજબૂત કરવા માટે તા. 27મી જુલાઇના રોજ દાહોદ જિલ્લા ખાતે, જ્યારે મહીસાગર જિલ્લામાં 28મી જુલાઈના રોજ કોંગ્રેસની સંકલ્પ શિબિર થશે. જેનું કોંગ્રેસના સંગઠન પ્રભારી મુકુલ વાંસનિક ઉદ્ઘાટન કરશે. શિબિરમાં કોંગ્રેસ પક્ષની વિચારધારા, ભારત નિર્માણની કહાની, તથા બુથ મેનેજમેન્ટ સહિતના વિષયો ઉપર કાર્યકર્તાઓને નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન આપી તાલીમબદ્ધ કરાશે તેમ પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું.

**નવસારી શહેરી વિકાસ સત્તામંડળ**
**: જાહેર નિવિદા :**

નવસારી શહેરી વિકાસ સત્તામંડળ માટે નવસારી જિલ્લાની તાબા હેઠળની કોર્ટ, ડિસ્ટ્રીક્ટ કોર્ટ, નામદાર હાઇકોર્ટ વિગેરેમાં અવારનવાર વિવિધ દાવાની કાર્યવાહી કરી શકે તે માટે એડવોકેટશ્રીઓની પેનલની નિમણૂક કરવાની હોય, રસ ધરાવતાં એડવોકેટશ્રીઓએ નિયત નમૂનામાં જરૂરી પુરાવાઓ સાથે અત્રેની કચેરીએથી તા.૨૯/૦૭/૨૦૨૪ થી તા.૧૨/૦૮/૨૦૨૪ સુધીમાં કચેરી સમય દરમ્યાન અરજી ફોર્મ અને શરતો મેળવી અરજી કરવાની રહેશે.

સ્થળ :
નવસારી શહેરી વિકાસ સત્તામંડળ
જીલ્લા સેવા સદન, પ્રથમ માળ,
કાલિયાવાડી, નવસારી,
તા.નવસારી, જિ.નવસારી.
માહિતી/નવસારી/૧૨૭/૨૦૨૪

સહી/-
(કે.પી.જોષી)
મુખ્ય કારોબારી અધિકારી
નવસારી શહેરી વિકાસ સત્તામંડળ
નવસારી

torrent POWER

**વીજપ્રવાહ બંધ રહેવા બાબત**

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપુરવઠો આપવાના હેતુથી નીચે દર્શાવેલ સબસ્ટેશનોના નેટવર્ક મેઈન્ટેનન્સનું આયોજન કરેલ છે. આ સબસ્ટેશનોમાંથી વીજપુરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૯:૦૦ થી સાંજના ૫:૦૦ કલાક દરમ્યાન વીજપુરવઠો બંધ રહેશે. અનુસૂચિત સમય પહેલા વીજપુરવઠો પુનઃકાર્યરત કરવા માટે અમે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરીશું.

- ૨૯-૦૭-૨૦૨૪, સોમવાર : મહાવીર (તિમાલિયાવાડ), સી.મહેન્દ્ર (નાનપુરા), જરીકસબ ઈન્ડ. નં.૧-T૧
- ૩૦-૦૭-૨૦૨૪, મંગળવાર : સાગર સરિતા સંગમ (ઉમરા), પ્રસ્થાન (પાર્લે પોઈન્ટ), પ્રમુખ યોગ (ડભોલી), તાપી દર્શન રો હાઉસ
- ૩૧-૦૭-૨૦૨૪, બુધવાર : અરિહંત પાર્ક (અઠવાલાઈન્સ), ગોલ્ડન નેસ્ટ (અઠવાલાઈન્સ) રૂદરપુરા, ગાયત્રી પરિવાર ઈન્ડ.
- ૦૧-૦૮-૨૦૨૪, ગુરૂવાર : રાજગૃહી એપાર્ટમેન્ટ (મજુરા ગેટ), અક્ષરધામ સોસાયટી (કતારગામ)
- ૦૨-૦૮૨૦૨૪, શુક્રવાર : આઈ.ટી. સેન્ટર નં.૨ (મજુરાગેટ), દેવ પૂજા (ડભોલી રોડ)
- ૦૩-૦૮-૨૦૨૪, શનિવાર : રન્ના ટેક્સટાઈલ (કમલ પાર્ક સોસાયટી)
- ૦૪-૦૮-૨૦૨૪, રવિવાર : ક્રિસ્ટલ (વરાછા)-T૨

અસુવિધા બદલ દિલગીર છીએ

અમારી WhatsApp સેવા, આપને વધુ સુવિધા
8141970070 પર 'Hi' લખી મોકલાવો
પાવર, બીલ, અન્ય જાણકારી તથા ચૂકવણી કરો

હેલ્પ લાઈન નં. 19128 (Toll Free) / 0261-2551912 / 9099991912
પોર્ટલ : connect.torrentpower.com અને મોબાઈલ એપ : Torrent Power Connect

**Diamond Research And Mercantile City Limited**
A Government of Gujarat owned Company
CIN: U75143GJ2015SGC083828
3rd Floor, DREAM City Administrative Building,
Opp. Surat Diamond Bourse, Khajod, Surat-395007.
Tender Notice (Online) No.MD/DCL/03/2024-25

ડ્રીમ સીટી લીમીટેડ ધ્વારા નીચે જણાવેલ વિવિધ કામો માટે ટેન્ડર્સ/ ઓફર્સ માંગવામાં આવે છે. જેની વિગત ઓનલાઈન https://smctender.nprocure.com પર મૂકવામાં આવેલ છે.

| ક્રમ | કામની વિગત | કામની સંખ્યા | અંદાજીત કુલ રકમ રૂા. (કરોડમાં) |
|---|---|---|---|
| ૧ | ડ્રીમ સીટી લીમીટેડ વિસ્તારમાં આવેલ ગાર્ડનની ફરતે મોડયુલર ફેન્સિંગ કરવાનું (બીજો પ્રયાસ), હોર્ટીકલ્ચર મેઈન્ટેનન્સ કરવાનું (બીજો પ્રયાસ), મુખ્ય પ્રવેશ ધ્વારના સ્કાયડેક એરીયાને ભાડે આપવાનું તથા ઈલેક્ટ્રીક મેઈન્ટેનન્સનું વિગેરે કામો. | ૦૪ | ૧.૩૭ |

વિગતવાર ટેન્ડર નોટીસ https://www.dreamcitysurat.in પર ઉપલબ્ધ છે.

No.DREAM City/Adv./03/2024-25
Date-26/07/2024

General Manager
(Planning & Administration)
DREAM City Limited, Surat

**જાહેર નિવિદા**

નાંદોદ તાલુકામાં ગુજરાત પેટર્ન યોજના અંતર્ગત સને -૨૦૨૩-૨૪ માં આદિજાતી ઉમેદવારો માટે બહેનો માટે વિવિધ સ્વ-રોજગારલક્ષી ડોમેસ્ટીક ડેટા એન્ટ્રી ઓપરેટર તાલીમ યોજના અને ફોટોશોપ ગ્રાફીક ડીઝાઇન તાલીમ યોજનાઓ માટે રસ ધરાવતી સંસ્થાઓ/એજન્સીઓ પાસેથી 'ભાવ પત્રકો સિલબંધ કવરમાં જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં રજી.એડીથી કુરીયર અથવા ટપાલ દ્વારા અત્રેની કચેરીના સરનામે મોકલી આપવાના રહશે.ટેન્ડર અંગેનો આખરી નિર્ણય કમીટીનો રહેશે. જેની નોંધ લેવા વિનંતી છે.

કચેરીનુ સરનામુઃ- તાલુકા વિકાસ અધિકારી તાં,પં કચેરી નાંદોદ
(ટ્રાયબલ શાખા)

તાલુકા વિકાસ અધિકારી
નાંદોદ

માહિતી/નર્મદા/૧૪૩/૨૦૨૪-૨૫

**પશ્ચિમ રેલવે**
**મેન્ટેનન્સ વર્ક**

ડિવીઝનલ રેલવે મેનેજર (ડબ્લુયે), પશ્ચિમ રેલવે, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400008. આમંત્રિત કરે છેઃ કમ સંખ્યા 1, ટેન્ડર નોટિસ નં. બીસીટી-24-25-116, તારીખ 23-07-2024, કાર્ય અને સ્થળઃ ઉધના - જલગાંવ સેકશનઃ 140 સ્ટાફ ક્વાર્ટરમાં કોર્ટ યાર્ડ, ટોઈલેટ્સ, કિચન, છત અને ફ્લોરીંગમાં સુધારો કરવો જે એસએસઈ-ડબ્લુ-નંદુરબારના અધિકારક્ષેત્રમાં આવે છે. કાર્યનો અંદાજિત ખર્ચઃ રૂ. 3,54,80,875.21/- ઈએમડીઃ રૂ. 3,27,400/- કમ સંખ્યા 2, ટેન્ડર નોટિસ નં.: બીસીટી-24-25-117 તારીખ 23-7-2024, કાર્ય અને સ્થળઃ ઉકાઈ સોનગઢ - જલગાંવ સેકશનઃ નારદાના - 2 વર્ષ માટે 30,000 પ્રતિ લીટર પ્રતિ દિવસના હિસાબે સ્ટેશન, પી.એફ અને સ્ટાફ ક્વાર્ટર્સ માટે પોર્ટેબલ પીવાનું પાણી સપ્લાય કરવાનું કાર્ય. કાર્યનો અંદાજિત ખર્ચઃ રૂ. 9,36,006- ઈએમડીઃ રૂ. 18700- બંને ટેન્ડર જમા કરાવવાની તારીખ અને સમયઃ 16-8-2024 બપોરે 3.00 વાગ્યા પહેલાં, બંને ટેન્ડર ખુલવાની તારીખ અને સમયઃ 16-8-2024 બપોરે 3.30 વાગ્યે. સંપૂર્ણ વિગતો જાણવા વેબસાઈટ www.ireps.gov.in પર જવું. 0379

સામને ગ્રાહક કરો facebook.com/WesternRly

રૂ. ૭૦/- થી શરૂ
એક્શન થ્રીલર

રાયન
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦

જોરદાર સંવાદો, એક્શન

કિલ (A)
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦

RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

# સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને મળતી જીવન રક્ષક આવશ્યક દવાઓની યાદીમાં વધુ દવાઓ ઉમેરાઈ

ગાંધીનગર,તા.26: રાજ્ય સરકારે જીવન રક્ષક આરોગ્ય દવાઓના એસેન્સિયલ ડ્રગ લીસ્ટ (EDL) ૨૦૨૪-૨૫માં નવી ૬૬૫ દવાનો ઉમેરો કર્યો છે.

અગાઉ રાજ્ય સરકારના એસેન્સિયલ ડ્રગ લીસ્ટમાં ૭૧૭ દવાઓ હતી, જે હવે વર્ષ ૨૦૨૪-૨૫માં વધીને ૧૩૮૨ થઈ છે. રાજ્યના પ્રત્યેક દર્દીને શ્રેષ્ઠતમ સારવાર અને ગુણવત્તાયુક્ત દવાઓ 